
# પિતૃશ્રદ્ધાનું પર્વ ભારતીય સંસ્કૃતિની અનોખી ઓળખ



**મનકા સિતાર**

કેશુભાઇ દેસાઇ

આપણે ઉત્સવઘેલી પ્રજા છીએ એનો આપણને ગર્વ હોવો જોઈએ. ભારત જ એક એવો દેશ છે જ્યાં દર મહિને બલકે ક્યારેક તો સળંગ અઠવાડિયા સુધી કોઈ ને કોઈ ઉત્સવ ઊજવાતો રહે છે. આપણી નવરાત્રી વિશ્વનો સૌથી લાંબો વખત ચાલતો નૃત્ય મહોત્સવ છે અને એની આગળ અગિયાર દિવસ ચાલતો ગણેશોત્સવ તથા સોળ દિવસનું શ્રાદ્ધ પર્વ તથા પાછળ ને પાછળ દશેરા અને દિવાળીનું પર્વ ગુચ્છ! દુનિયામાં કદાચ સૌથી વધુ ઉત્સવપ્રિય દેશ હોય તો તે ભારત જ છે, સૌથી શાંતિપ્રિય પણ ખરો. ગોધરા અને અનુગોધરા કાંડ જેવી જૂજ દુર્ઘટનાઓને બાદ કરતાં અહીં તમામ ધર્મો અને કોમો સદીઓથી હળીમળીને રહે છે. એકબીજાના ઉત્સવો જ નહીં બલકે મોહરમ જેવા માતમમાં પણ સામેલ થતાં રહે છે.

ચંદ્ર અને સૂર્યગ્રહણ જેવી બે આકાશી ઘટનાઓ વચ્ચે સેન્ડવીચ થયેલા શ્રાદ્ધપક્ષમાં સનાતન ધર્મમાં માનનારા લોકો દિવંગત સ્વજનો અને પૂર્વજોને શ્રદ્ધાપૂર્વક યાદ કરી એમનું પુનઃતર્પણ કરે છે. આ લખું છું ત્યારે એક તરફ ભાદરવી પૂનમના વિખેરાઈ રહેલા માઈભક્તોના મેળાની ઉદાસી પ્રવર્તે છે. ક્ષણ પણ રોકાયા વગર ટોલ્સટોયની વાર્તાના જમીન લોભિયા નાયકની જેમ હાંફી હાંફીને સતત હેલીએ ચડી વરસતો વરસાદ બારી બહાર એનું કર્ણપ્રિય સંગીત રેલાવી રહ્યો છે અને બીજી તરફ પૃથ્વી નામના ગ્રહ પરથી વિધાતાએ નક્કી કરેલા સમયે વિદાય થઈ ગયેલાં સ્વજનો અને પૂર્વજોની અશ્રુભીની યાદો સળવળી રહી છે. શ્રાદ્ધ માતાપિતાનું જ કેમ? એ અકાળે ગુજરી ગયેલા સંતાનનું કે અડધે રસ્તે વિદાય થઈ ગયેલી જીવનસંગિની અને પ્રેમિકાનું પણ હોઈ શકે, વિવિધ ધર્મ-સંપ્રદાયમાં ચેલા પણ ગુરુનું શ્રાદ્ધ કરતા જ હોય છે. કિન્નરો પણ એમના ગુરુનું શ્રાદ્ધ કરે છે.

એ સાચું કે આ પિતૃપક્ષ તરીકે જાણીતા સમયગાળામાં કોઈ શુભ કાર્ય કે નવા ઉપક્રમોનો આરંભ નિષિદ્ધ ગણાય છે. આવી અંધશ્રદ્ધા દેખીતી રીતે જ બુદ્ધિમાં ન ઊતરે, બની શકે કે પર્વ માત્રમાં એના મૂળ સ્વરૂપ સાથે આવી કોઈ ને કોઈ બીક જોડી દેવામાં એ પર્વ પ્રસ્થાપકોનો નિહિત સ્વાર્થ જોડાયેલો હોય. એથી પર્વ ખોટું કે નકામું છે એવું માની લેવાની જરૂર નથી. દરેક ઉત્સવપર્વ શુભ આશયથી શરૂ થયેલા છે પણ પાછળથી એમાં વિકૃતિઓ ઉમેરાઈ છે. દાખલા તરીકે ગણેશોત્સવ કે નવરાત્રીનો ઉત્સવ શરૂઆતમાં શત પ્રતિશત સાત્ત્વિક હતો, આજે એમાં અનેક અવાંછનીય મનોરંજક બાબતો ઉમરાઈ ગઈ છે એટલે મૂળ પર્વનો ઉદ્દેશ માર્યો જાય છે. જન્માષ્ટમી પર્વ જાણે જુગાર રમવાનું પર્વ બની ગયું છે. લાખોના ખર્ચે યોજાતા દહીંહાંડીના જોખમકારક ખેલમાં ક્યારેક નિર્દોષ બાળકોનો ભોગ લેવાઈ જાય છે. હોળીધુળેટી પર અશ્લીલ હરકતોની છૂટ મળી જાય છે. શ્રાદ્ધ પર્વ પ્રમાણમાં આવાં દૂષણોથી મુક્ત રહી શક્યું છે એનું કારણ એ છે કે એ કોઈ મનોરંજનનું પર્વ નથી. આપણે આત્માની અમરતામાં શ્રદ્ધા ધરાવતી પ્રજા છીએ એટલે એ દિવંગત સ્વજનોને યાદ કરી અર્ઘ્ય આપવાનું પર્વ હોવા છતાં મોહરમ જેવું માતમનું ટાણું નથી. એ પૂર્વજોના સમ્માન અને એમની સદગતિનો ઉત્સવ છે એ દિવસો દરમિયાન ઘરમાં ખીર બને છે જે કાગઋષિના માધ્યમથી અંતરિક્ષમાં કોઈ ગોપનીય સ્થળે બેઠેલા પૂર્વજો સુધી પહોંચાડવામાં આવે છે. ખીર જ કેમ? આખું સ્ટાન્ડર્ડ ટિફિન કેમ નહીં? કદાચ ખીર પર પસંદગી ઉતારતી વેળાએ દિવંગત પૂર્વજોની વયસહજ પાચનક્ષમતા ઉપરાંત ઉંમરને કારણે મોઢું બોખું થઈ ગયું હોય તો પણ એ ધરાઈને જમી શકે એવી સમજણ અને ભાવના રહી હોય એમ બને! આપણા તમામ ઉત્સવોમાં શરૂથી જ કોઈ સર્જનાત્મક કવિતાનું મોણ ઉમેરી દેવામાં આવ્યું છે. કારણ કે એ ઉજવવાની તિથિ છે, એને બાકીના સમય કરતાં જરા હટકે એવો વિશિષ્ટ અને પ્રશિષ્ટ સમય બનાવી લોકસમુદાયની સામે પ્રસ્તુત કરવાનો હતો.

> **જાણેઅજાણે ભૂલથી કોઈની અવહેલના થઈ ગઈ હોય કે એમને હયાતી દરમિયાન એમની અપેક્ષા મુજબ સાચવી ન શકાયા હોય તો ઈશ્વર સાક્ષીએ ખરા અંતઃકરણથી એમની ક્ષમાયાચના કરી એમના આશીર્વાદ મેળવવાની કલ્પના જ કેવી શાતાદાયક છે! આ એક પ્રકારની સેલ્ફ સાયકોથેરાપી જ છે**

શ્રાદ્ધપક્ષામાં પ્રતીકાત્મક તર્પણ દ્વારા પિતૃઓની કૃપા પ્રાપ્ત કરવાનો આશય છુપાયેલો છે. બધા સમજે છે કે પિતૃઓ કંઈ કાગડા થઈને થોડા આપણા ધાબા પર આવે પણ એ બહાને આવાં ઉપેક્ષિત પક્ષીઓને જમવાનું નોતરું આપવાનો પણ એક ખાસ રોમાંચ જરૂર અનુભવી શકાય. ક્યારેય નજરે નહીં જોયેલા દૂર સ્વર્ગલોકમાં રહેતા દેવો કરતાં ક્યારેક નરી આંખે જોયેલા આપણા એ વહાલપના વડલા સમા પિતૃઓ શું ખોટા હતા? હવે એ આપણી વચ્ચે નથી ત્યારે પ્રકૃતિની લીલા જોઈને તો રાજી થઈએ! જાણેઅજાણે ભૂલથી કોઈની અવહેલના થઈ ગઈ હોય કે એમને હયાતી દરમિયાન એમની અપેક્ષા મુજબ સાચવી ન શકાયા હોય તો ઈશ્વર સાક્ષીએ ખરા અંતઃકરણથી એમની ક્ષમાયાચના કરી એમના આશીર્વાદ મેળવવાની કલ્પના જ કેવી શાતાદાયક છે! આ એક પ્રકારની સેલ્ફ સાયકોથેરાપી જ છે. ગ્રામીણ વિસ્તારોમાં નાગને પૂર્વજ તરીકે પૂજવાની પ્રથા હતી. વૈજ્ઞાનિક ઉપલબ્ધિઓ છતાં આ રૂઢ થઈ ગયેલી માનસિકતા અકબંધ રહી છે બલકે આર્થિક સમૃદ્ધિ સાથે એ વધુ દઢીભૂત થવા પામી છે. અગાઉ રબારી જેવી પશુપાલક જાતિ પૂરતા જ 'ગોગા બાવજી' સીમિત હતા એ હવે ખેતી સાથે સંકળાયેલી સધ્ધર કોમોમાં પણ વ્યાપક પ્રમાણમાં સ્વીકૃત થઈ ગયા છે. ગામેગામ ગોગા મહારાજનાં મંદિર ઊભાં થઈ ગયાં છે. લોકો એમની ગાડીમાં ગણેશ અને હનુમાનજીની સાથે નાગદેવતાની મૂર્તિ રાખતા થઈ ગયા છે અને પાછળના કાચ પર એનું ચિતરામણ કરે છે. પોતાને ગોગાજી અણધારી આફતમાંથી ઉગારી લેશે એવી શ્રદ્ધા જ આવી હાસ્યાસ્પદ ચેષ્ટાઓના પાયામાં હોય છે. દરેકની મેલડી અલગ હોય છે એમ ગોગા પણ જુદો હોય છે. પ્રકૃતિપૂજાનો હું સમર્થક છું પણ જ્યારે એમાં ભય અને ભ્રમ ઉમેરાઈ અંધશ્રદ્ધાનું સ્વરૂપ ધારણ કરે ત્યારે એ ભયંકર બની જાય છે. એવી અંધશ્રદ્ધા સામે થતાં રહેતાં વિવેકબુદ્ધિવાદી આંદોલનોનો હું સમર્થક છું. પ્રકૃતિના વિવિધ આયામો ખરેખર પ્રેમ કરવા લાયક છે. પર્વતો, નદીઓ, સાગર, વૃક્ષો કે જીવસૃષ્ટિની મનુષ્ય સહિતની તમામ પ્રજાતિઓ ના અસ્તિત્વ સામે ઊભા થતા પડકારોની ચિંતા પૃથ્વી પર વસતી માનવ પ્રજાતિ નહીં કરે તો બીજું કોણ કરશે?

આપણે અંતરિક્ષની પણ ચિંતા કરવાની જરૂર છે ચંદ્ર અને મંગળ પર ઉતરાણ કરીને ત્યાં વસાહતો સ્થાપીએ એનો વાંધો નથી, પણ એ પ્રદૂષણમુક્ત પિંડોને આપણી પૃથ્વીની જેમ ગંદા કરવા એ તો જઘન્ય અપરાધ ગણાવો જોઈએ. જો આપણી પ્રેયસીને ચંદ્રમુખી કહી ખુશ કરતા હોઈએ તો એ સાચુકલા ચંદ્ર પર કચરો ફેંકવાની અને એને પણ પૃથ્વીની જેમ ઉકરડામાં ફેરવવાની ક્રૂર ચેષ્ટા શી રીતે કરી શકાય?

શ્રાદ્ધપર્વ પર આપણે પેલા શાશ્વત પૂર્વજોને પણ યાદ કરી લઈએ. એ બધાના ડીએનએ આપણામાં જીવંત છે એટલેસ્તો આખી દુનિયા કરતાં આપણે જુદા પડીએ છીએ. એ સંસ્કાર-પૂર્વજોએ આપણને કેવો ભવ્ય સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ચેતનાનો અણમોલ વારસો આપ્યો છે! વેદ દુનિયાનો પહેલો ગ્રંથ છે. રામાયણ દુનિયામાં સૌથી પહેલા લખાયેલું મહાકાવ્ય છે અને મહાભારત તો આજપર્યંત અજોડ છે. એની હરોળમાં બેસી શકે એવી કૃતિ પાંચ હજાર વર્ષ સુધી મળી નથી એ શું આપણે માટે ગૌરવની બાબત નથી? આવા અજોડ સર્જકો, ચિંતકો, મનીષીઓ અને હજારો વર્ષ અગાઉ બ્રહ્મ અને બ્રહ્માંડનો તાગ મેળવવામાં સફળ થયેલા ઋષિમુનિઓના આપણે સીધી લીટીના વારસદાર છીએ. આપણે રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, કાલિદાસ, કબીર, નરસિંહ - મીરાં અને રવીન્દ્રનાથ ટાગોરના વારસદાર છીએ. ચાલો, આ શ્રાદ્ધપક્ષમાં થોડું એમનું પણ તર્પણ કરી લઈએ.



## ખરા બંગાળીઓ કેવા?

# કરણ જોહરની ફિલ્મો જેવા કે 'આમાર બૉસ'ના બંગાળી જેવા?

**અબીલ ગુલાલ**

જયવંત પંડયા

પ. બંગાળની બે રીતે ચર્ચા કરવી છે, એક તો 'ધ બંગાળ ફાઇલ્સ'ની રીતે અને બીજું? કોઈને કદાચ ધ્યાનમાં નહીં હોય પણ એક સુંદર બંગાળી ફિલ્મ છે 'આમાર બૉસ'. 'ધ બંગાળ ફાઈલ્સ'ની તો બધે ખૂબ ચર્ચા અન્ય રીતે થઈ, તેમાં બંગાળની સંસ્કૃતિની વાત કરવા જેવી છે.

પ. બંગાળમાં સુભાષચંદ્ર બોઝ, શ્રી અરબિંદો નામે જાણીતા મહર્ષિ અરવિંદ, ખુદીરામ બોઝ, બિપિનચંદ્ર પાલ, જતીન્દ્રનાથ મુખર્જી જેવા ક્રાંતિકારીઓ અને સ્વતંત્રતા સેનાનીઓ પણ થયા અને જગદીશચંદ્ર બોઝ, ગિરીન્દ્રશેખર બોઝ જેવા વૈજ્ઞાનિકો પણ. હિમાંશુ રાય, શશધર મુખર્જી, શક્તિ સામંત, સત્યજીત રે, પ્રમોદ ચક્રવર્તી, મિથુન ચક્રવર્તી, મૌસમી ચેટર્જી, શર્મિલા ટાગોર, પ્રદીપકુમાર, કાજોલ, રાની મુખર્જી જેવાં ફિલ્મ કલાકારો પણ થયાં.

'વંદેમાતરમ્' રાષ્ટ્રગાન અને 'આનંદમઠ' નવલકથાના સર્જક બંકીમચંદ્ર ચેટર્જી, અને 'જન ગણ મન' રાષ્ટ્રગીતના સર્જક રબીન્દ્રનાથ ઠાકુર ઉપાખ્ય રવીન્દ્રનાથ ટાગોર, સરતચંદ્ર ચટ્ટોપાધ્યાય, મહાશ્વેતા દેવી જેવાં સાહિત્ય સર્જકો પણ પ. બંગાળે આપ્યા. ચૈતન્ય મહાપ્રભુએ પ. બંગાળમાં ભક્તિ દ્વારા હિન્દુ ધર્મની ચેતના પુનઃ જગાવી, 'હરે રામ હરે કૃષ્ણ' એ ભક્તિ આંદોલન પ.બંગાળથી શરૂ થયું. શ્રી રામકૃષ્ણ પરમહંસે મહાકાળીની ભક્તિ કરી તો તેમના શિષ્ય સ્વામી વિવેકાનંદે, ત્રણ દિવસ પહેલાં ગઈ તે 11 સપ્ટેમ્બર (1893)એ અમેરિકામાં વિશ્વ પંથ પરિષદમાં સંબોધન કરી હિન્દુત્વને અમેરિકા સુધી પુનઃ પહોંચાડ્યું. સરસ્વતી પૂજા અને દુર્ગા પૂજાનું પ. બંગાળમાં (પૂર્વ બંગાળમાં- એટલે કે બાંગ્લાદેશમાં) મહત્ત્વ ખૂબ જ વધારે છે. પરંતુ કરણ જોહરની બે ફિલ્મો જુઓ તો તમને બંગાળીઓ જુદાં લાગે. સંસ્કૃતિની વાતો કરતી મોદી સરકાર રચિત પેનલે 'રોકી ઔર રાની કી લવ સ્ટૉરી'ને શ્રેષ્ઠ લોકપ્રિય ફિલ્મનો રાષ્ટ્રીય પુરસ્કાર આપ્યો. આ ફિલ્મમાં બંગાળી પરિવારને કેવો બતાવવામાં આવ્યો છે? મહિલાઓ કેન્દ્રિત પરિવાર હોય તે તો સમજાય પણ સમાજથી સાવ વિપરીત. ઘરનાં કામો પુરુષે કરવાના, પુરુષે નૃત્ય કરવાનું, સ્ત્રીનું ઉપવસ્ત્ર ખરીદવા માટે પોતે પહેરીને અજમાવવાનું અને પત્નીએ પ્રેમવશ પુરુષને ગરમ રોટલી નહીં જમાડવાની. સ્ત્રીઓ દારૂ પીએ.

> **કરણ જોહરની ફિલ્મોમાં બંગાળી સ્ત્રીઓને દૂષણવાળી બતાવાઇ છે પરંતુ ખરા બંગાળીઓ બંગાળી ફિલ્મ 'આમાર બૉસ' જેવા છે. આ ફિલ્મને બંગાળી પરિવાર નહીં, એકલવાયા વૃદ્ધોની સમસ્યાની રીતે પણ જોવા જેવી છે**

આ જ વાર્તાને મધ્યમ વર્ગની પૃષ્ઠભૂમિમાં ઢાળીને કરણ જોહરની બીજી ફિલ્મ આવી 'આપ જૈસા કોઈ'. આ ફિલ્મમાં પણ બંગાળી પરિવાર આવો જ બતાવ્યો. સ્ત્રીઓ દારૂ પીએ, રાજકારણ પર ચર્ચા કરે અને તેનો છોકરાવાળાના રૂઢિચુસ્ત બ્રાહ્મણ પરિવારને વિરોધ હોય. રાજકારણ પર ચર્ચા કરે તેનો વિરોધ કોઈને ન હોય પરંતુ કરણ જોહરને પ્રમેય સિદ્ધ કરવું હતું તેથી કર્યું.

'ધ બંગાળ ફાઈલ્સ'માં ભારતી બેનર્જીના પાત્ર દ્વારા બંગાળની સંસ્કૃતિને પણ સુંદર રીતે આલેખવામાં આવી છે. કૃષ્ણભક્તિ, રંગોળી, સુંદર સાડી, એકતારા સાથે ભજન, ભાષાપ્રેમ.ગત 9 મે 2025એ એક બીજી ફિલ્મ રજૂ થઈ જે અભિનેત્રી રાખી ગુલઝારની પુનરાગમનવાળી ફિલ્મ બની, બંગાળી ભાષાની 'આમાર બૉસ'. અર્થાત્ અમારા બોસ. રાખી ગુલઝાર સારાં અભિનેત્રી છે પણ 'કરણ અર્જુન'ના પાત્રના આધારે તેમને ઉપહાસનું પાત્ર હાસ્યાસ્પદ કૉમેડિયનોએ બનાવી દીધાં છે- મેરે કરણ અર્જુન આયેંગે. રાખી કોઈ ફિલ્મને પુનરાગમન માટે નક્કી કરે એટલે એ જેવીતેવી ન જ હોય એ વિચારીને આ ફિલ્મ જોઈ. મજા પડી ગઈ. આ ફિલ્મ જોશો તો તમે કરણ જોહરને કહેશો કે બંગાળી પરિવારને ખરાબ ચિતરવાનું રહેવા દો ભાઈ/બહેન. વાર્તા ટૂંકમાં આવી છે, 40 આસપાસની વયનો અનિમેશ ગોસ્વામી પોતાના પિતાની પ્રકાશન સંસ્થાનો સર્વેસર્વા છે. તેને લગ્નજીવનમાં અનુકૂલનની સમસ્યા છે. પત્ની મૌસમી બેનર્જી ટીવી ચેનલમાં પત્રકાર છે. તેને પ્રમૉશન મળતાં, મુંબઈ જવું પડે છે. પત્નીને તેનાં માતાપિતાની દેખભાળ રાખવામાં વ્યસ્તતા રહે છે તો અનિમેશને પણ તેની માતાની દેખભાળની સમસ્યા છે. અનિમેશની માતા શુભ્રા ગોસ્વામી હરતાં-ફરતાં, સારી સ્મૃતિ ધરાવતાં છે પરંતુ વયના કારણે ઔષધિઓ પર જીવે છે અને એકલાપણાની સમસ્યાથી પીડાય છે એટલે અનિમેશ મીટિંગમાં હોય ત્યારે પણ વારંવાર ફૉન કર્યા રાખે. એક દિવસ તેઓ નક્કી કરે છે કે પોતે અનિમેશની સાથે કામ કરશે. અનિમેશ તેમને ટ્રેઈની તરીકે રાખે છે! અને કર્મચારીઓને કડક સૂચના આપે છે- તે તમારા અંગત જીવનમાં માથું મારશે, મારવા ન દેશો અને બીજું, તેમને કોઈ વાતે તકલીફ પણ ન પડવા દેશો. અનિમેશ કડક બૉસ છે એટલે કર્મચારી સમયસર ન આવે, પ્રૂફરીડર પુસ્તકનું પ્રૂફ રાખવામાં ખૂબ ભૂલો રાખી દે, ડિઝાઇનર સારી ડિઝાઇન ન બનાવે તો તતડાવી નાખે છે અને લગભગ બધાં કર્મચારીઓને તેમના ઘરે માતાપિતાની સમસ્યા છે.

શુભ્રા ગોસ્વામી ટ્રેઈની તરીકે કામ કરતાં-કરતાં કર્મચારીઓની તકલીફો સમજે છે અને ધીમે ધીમે અનિમેશને પણ સમજાવે છે. અનિમેશ તેની માતા સાથે ખૂબ સારી રીતે વર્તે છે એટલે કેટલીક વાતો તે સમજવા લાગે છે. માતા કામની વચ્ચે થોડી ઊંઘ ખેંચી લે તો તેને પોતાની કેબિનમાં આવવા કહે છે પરંતુ માતા કહે છે, ના, હું તો ટ્રેઈની છું એટલે સ્ટૉર રૂમમાં જ સૂઈશ. મને ઓશિકાની વ્યવસ્થા કરી દે. એક ગર્ભવતી મહિલા કર્મચારીને પણ બપોરના સમયે થોડું સૂવાની વ્યવસ્થા કરી દે છે. માતા જમવાનું પણ દીકરા સાથે કેબિનના બદલે કેન્ટીનમાં કર્મચારીઓની સાથે પસંદ કરે છે, આથી દીકરો પણ કેન્ટીનમાં કર્મચારીઓ સાથે જમતો થાય છે.

આ બધાંમાં દરેકને માતાપિતાની સમસ્યા હોવાથી તેઓ કામમાં ઊણા ઊતરે છે અથવા મોડા આવે છે એ સમસ્યાઓ તો ચાલુ રહે છે અથવા વધે છે. સસરાનું અવસાન થાય છે ત્યારે માતા અનિમેશને મુંબઈ મોકલે છે. અનિમેશ પત્નીને કોલકાતા પાછી આવવા કહે છે પણ પત્ની એ જ કહે છે જે તેણે કોલકાતામાં કહ્યું હતું, તું મારી માતાનું ધ્યાન રાખી શકીશ? અનિમેશને દુબઈ જવાનું થાય છે ત્યારે માતા શુભ્રા કર્મચારીઓનાં માતા-પિતા માટે કંપનીની ઑફિસમાં જ 'ડે કેર સેન્ટર' ખોલે છે અને તેઓ સાથે આવી શકે તે માટે બસની વ્યવસ્થા પણ કરે છે. દીકરો જ્યારે આવે છે ત્યારે આ જોઈ ગુસ્સે થઈ જાય છે અને માતાને પણ કહે છે કે એક તો કોરોના કાળ પછી લોકોનું વાંચન ઘટ્યું છે, પુસ્તકો વેચાતાં નથી અને તેમાં તમે આ એક ખોટો ખર્ચો માથે નાખી દીધો. એમાંય એક કર્મચારીની માતા પાછી માગણી કરે છે કે અમારી વચ્ચે એક જ શૌચાલય છે. તો તમે મહિલા અને પુરુષનું શૌચાલય અલગ બનાવી આપો. અનિમેશ માતાને અને કર્મચારીઓને ત્રણ મહિનાની અવધિ આપે છે. તેમાં જો તે લોકો ફંડ લાવી આપશે તો જ આ 'ડે કેર સેન્ટર' ચાલુ રહેશે. અંતે સ્ટાર્ટ અપ સમિટમાં માતા રજૂઆત કરે છે અને કંપનીને ફંડ મળી જાય છે. આ કથા અત્યારે વાસ્તવિકતા છે. દરેક ઘરમાં આવા કોઈ ને કોઈ વડીલ છે.

આખી ફિલ્મમાં ન તો ગાળાગાળી છે, ન તો ચીલંચીલી. ન તો ફેક ફેમિનિઝમના સંવાદો, ન તો સ્ત્રીઓ દારૂ પીવે છે, ન તો અભદ્ર ડ્રેસિંગ છે. ન તો જાતીય સંબંધનાં દશ્યો. પત્ની મુંબઈ રહેતી હોવા છતાં તે પણ ન તો લફરું કરે છે કે ન તો પતિ કોલકાતામાં. બે કર્મચારીઓ વચ્ચે પણ શુદ્ધ પ્રેમ દેખાડાય છે જે તમને દક્ષિણના ફિલ્મ નિર્દેશક કે. વિશ્વનાથનની ફિલ્મોમાં જોવા મળતો. એક-એક પાત્ર, ઈવન, એકાઉન્ટ વિભાગના દક્ષિણ ભારતીય કર્મચારી જે બૉસ માટે વણમાગી જાસૂસી કરે છે, તે પાત્ર, બધાનું પાત્રાલેખન સરસ છે અને દરેક કલાકારે ઉત્તમ અભિનય કર્યો છે. રાખીજી તો ખરાં જ પરંતુ અનિમેશ તરીકે શિબોપ્રસાદ મુખર્જી, તેની પત્ની તરીકે શ્રીબન્તી ચેટર્જી અને અન્ય કલાકારોએ સારી ભૂમિકા ભજવી છે. કયા ઓટીટી પર છે તે નહીં કહું. તે તમારે જાતે શોધી લેવાનું. સબટાઈટલ હોવાથી ભાષાની મુશ્કેલી નહીં નડે. એક વાર જોજો જ.

---

અનુસંધાન પાના એકનું

## નો નોનસેન્સ

નેપાળમાં ૩૨ સોશ્યલ મીડિયાને નોટીસ આપવામાં આવી કે તેઓ સરકાર પાસે રજીસ્ટ્રેશન કરાવે અને સરકારની ગાઈડલાઈન્સ સ્વીકારે. શા માટે? ફેક ન્યુઝ, દેશવિરોધી પ્રચાર, મહાન નેતાઓનાં ચારિત્ર્ય હનનથી પ્રજાને બચાવે. પ્રજાનાં હિતમાં. ૩૨માંથી ૨૬ મીડિયાએ સરકારનો આદેશ સ્વીકાર્યો નહીં અને એમાં ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ, ટ્વીટર (એક્સ) વગેરેનો સમાવેશ થતો હતો.

ચીનના ટીકટોકે આદેશ સ્વીકાર્યો હતો, પણ લોકો બાકીના મીડિયામાં વધુ સક્રિય હતા. બાંગ્લાદેશમાં જેમ શેખ હસીનાએ પોતાનાં પક્ષના વફાદારોને અનામતનો ફાયદો કરાવવા ત્યાંની સુપ્રીમ કોર્ટનો ઢાલ તરીકે ઉપયોગ કર્યો હતો એમ નેપાળની સરકારે ત્યાંની સુપ્રીમ કોર્ટનો સોશ્યલ મીડિયા પર અંકુશ લાદવા ઉપયોગ કર્યો. બસ, છેલ્લો અને ભરોસેમંદ કાન છીનવાયો અને લોકો રસ્તા પર ઉતરી પડ્યા. લોકોને લાગ્યું કે બધું જ મેનેજ કરવામાં આવી રહ્યું છે.

ન્યાયતંત્ર, વહીવટીતંત્ર, મીડિયા અને એકંદરે લોકતંત્ર. આ સિવાય શાસકો સામે નિવૃત્તિ પછી કાનૂની કારવાઈ ન થઈ શકે એવો કાયદો પણ ઘડવામાં આવ્યો છે. કામ ધંધો છે નહીં, ત્યાં યુવાનો હસીમઝાક, ઠઠ્ઠા મશ્કરી અને ક્વચિત ગુસ્સો કરીને પોતાને અભિવ્યક્ત કરતા હતા એ પણ છીનવી લેવામાં આવ્યું.

વિકલ્પનો શૂન્યાવકાશ કોઈ પણ સમાજ કે દેશ માટે ખતરનાક નીવડે છે. ડાહ્યા શાસકો સામેથી વિકલ્પ આપે છે જે રીતે અંગ્રેજોએ કોંગ્રેસની સ્થાપના કરાવીને ભારતની પ્રજાને તેનાં પોતાનાં પ્લેટફોર્મનો વિકલ્પ આપ્યો હતો. જે રીતે ઇન્દિરા ગાંધીએ જમ્મુ અને કાશ્મીરના નેતા શેખ અબ્દુલ્લાને જેલમાંથી છોડીને તેમની સાથે સમજૂતી કરીને કાશ્મીરની પ્રજાને લોકતાંત્રિક વિકલ્પ આપ્યો હતો.

પણ આ ડાહ્યા અને દૂરન્દેશી ધરાવનારા શાસકોનાં લક્ષણો છે. રાજીવ ગાંધીમાં આટલી દૂરન્દેશી નહોતી અને તેમણે ૧૯૮૭માં જમ્મુ અને કાશ્મીરની વિધાનસભાની ચૂંટણીમાં વિકલ્પ સાથે ચેડાં કર્યાં અને દેશ તેમ જ મુખ્યત્વે કાશ્મીરની પ્રજા આજ પણ તેની કિંમત ચૂકવી રહી છે.

છેલ્લે હિન્દી કવિ રાજેશ જોશીની પ્રસિદ્ધ કવિતા યાદ આવે છે, જેનું શીર્ષક છે 'ઈત્યાદિ'.

કુછ લોગોં કે નામો કા ઉલ્લેખ કિયા ગયા થા જિનકે ઓહદે થે બાકી સબ ઈત્યાદિ થે.
ઈત્યાદિ તાદાદ મે હંમેશા હી જ્યાદા હોતે થે
ઈત્યાદિ ભાવતાલ કર કે સબ્જી ખરીદતે થે ઔર ખાના વાન ખા કર ખાસ લોગોં કે ભાષણ સુનને જાતે થે...
ઈત્યાદિ હર ગોષ્ઠિયોં મેં ઉપસ્થિતિ બઢાતે થે
ઈત્યાદિ જુલૂસ મેં તખ્તિયાં ઉઠાતે થે નારે લગાતે થે
ઈત્યાદિ લંબી લાઈનોં મેં લગ કર મતદાન કરતે થે
ઉન્હેં લગાતાર ઐસા ભ્રમ દિયા ગયા થા કિ વો હી
ઇસ લોકતંત્ર મેં સરકાર બનાતે થે
ઈત્યાદિ હંમેશા હી આંદોલનોં મેં શામિલ હોતે થે
ઇસ લિએ કભી કભી પોલીસ કી ગોળી સે માર દિએ જાતે થે
જબ વે પુલીસ કી ગોલી સે માર દિએ જાતે થે
તબ ઉનકે વહ નામ ભી હમેં બતલાયે જાતે થે
જો સ્કૂલ મેં ભરતી કરવાતે સમય રખે ગએ થે
કુછ તો ઐસી દુર્ઘટના મેં ભી ઈત્યાદિ રહ જાતે હૈ.
ઈત્યાદિ યૂં તો હર જોખીમ સે ડરતે થે
લેકિન કભી કભી જબ વો ડરના છોડ દેતે થે
તો બાકી સબ ઉનસે ડરને લગતે થે.
ઈત્યાદિ હી કરને કો વો સારે કામ કરતે
જિનસે દેશ ઔર દુનિયા ચલતી થી
હાલાંકી ઉન્હેં ઐસા લગતા થા કિ વો એ સારે કામ
સિર્ફ અપના પરિવાર ચલાને કો કરતે હૈં
ઈત્યાદિ હર જઘ શામિલ થે પર ઉનકે નામ કહીં ભી
શામિલ નહીં હો પાતે થે
ઈત્યાદિ બસ કુછ સિરફિરે કવિયોં કી કવિતા મેં અક્સર દિખ જાતે થે.
(રાજેશ જોશી)

ઇત્યાદિને વિકલ્પહીન કરશો તો તે એક દિવસ નહીં ડરવાનો વિકલ્પ અપનાવી લેશે અને કવિ કહે છે કે ઈત્યાદિ જબ ડરના છોડ દેતે થે તો બાકી સબ ઉનસે ડરને લગતે થે.

---

અનુસંધાન પાના એકનું

## બહુશ્રુત

ત્યાં અસ્થિરતા એટલે તરાઈમાં ભાવ વધારો અને સરહદે જોખમ પણ. ભારતની માગ સીધી છે: કાયદેસર અને સ્થિર સરકાર, ખુલ્લો વેપાર અને વ્યૂહાત્મક પ્રોજેક્ટ્સમાં પારદર્શિતા.

સુરક્ષા દૃષ્ટિએ પણ જોખમ મોટું છે. આ સંજોગોમાં જેલ તૂટવી અને સરહદ પાસે પોલીસિંગમાં ખામી એ વાતનો પુરાવો છે કે કાઠમંડુમાં થયેલો આંદોલન ઝડપથી સરહદ પાર ગુનાખોરી અને શરણાર્થીઓના પ્રવાહમાં ફેરવાઈ શકે છે. આ સાથે હાઇડ્રોપાવરને મામલે આપણે પરસ્પર એકબીજા પર નિર્ભર છીએ, ગોરખા ભરતીની સંવેદનશીલતાની વાત પણ છે તો સાથે નેપાળ-ભારતના લોકો એકબીજા સાથે ઘનિષ્ટતા ધરાવે છે - આ બધી બાબતો જોતા નેપાળમાં જે થાય તેની અસર ભારતની રોજિંદગી સ્થિરતા પર પણ પડે.

રાજકીય રીતે તો ભારતની માગ સરળ છે: કાઠમંડુમાં એવી સરકાર હોવી જોઇએ જે કાયદાથી રચાઇ હોય, ભારતીય હિતોને સમજતી હોય અને વેપારને મામલે મુક્ત હોય, માહિતીના આદાન-પ્રદાનમાં નિષ્પક્ષ હોય અને કોઇ થર્ડ પાર્ટી સિક્યોરીટીનો ઉપયોગ ન થતો હોય. આ કરવા માટે નેપાળે ચીન વિરોધી થવાની જરૂર નથી પણ વ્યૂહાત્કમ પ્રોજેક્ટ્સ જેવા કે ડ્યુઅલ-યુઝેજ રોડ્ઝ, ટેલિકોમ, હાઇ-આલ્ટિટ્યુડ લોજિસ્ટિક્સમાં પારદર્શિતા રખાય એટલી અપેક્ષા તો પડોશી દેશ તરીકે ભારત રાખી જ શકે. તાત્કાલિક રીતે, ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ સુશીલા કાર્કી જેવા નેતૃત્વ હેઠળની આંતરિક સરકાર મોટા દેશો પ્રત્યે દુશ્મનાવટ બતાવ્યા વગર શાસન સુધારવા માટે એક તક બની શકે છે.

ઓલીના રાજીનામાથી બાહ્ય શક્તિને નેપાળ પર કાબુ કરવા નથી મળવાનો. નેપાળનું સાર્વભૌમત્વ જળવાઈ રહેશે પણ એ ત્યારે જ શક્ય છે જ્યારે નવી વ્યવસ્થા કાયદેસર કામગીરી પુરી કરે. ભારતે ઈંધણ, વેપાર અને ચૂંટણીને ટેકો આપી નેપાળને સ્થિરતા લવવામાં મદદ કરવી જોઇએ. ચીન અને અમેરિકાએ સમજી લેવું પડશે કે આંદોલને સાબિત કર્યું કે નેપાળ પર પ્રભાવ પાડવો હશે તો ઠાલી વાતો નહીં નક્કર પરિણામો જોઇએ.